# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સદ્ભાવનાની શાંતિ કરાવી છતાં નડે છે,
રડે છે છાનું 'કર્મકાંડી' જેલમાં સડે છે,
ચડે છે જંગે કટ્ટરતા પડે સામી છાતી -
જાગે સ્મશાન માંથી ને ભૂત થઇ નડે છે..
(નિતીશ નિવેદન)

## હાઇકુ

કોઇ કિસીકા
રહા ન હમદમ
ભાંગે ભાજપ?!
(સંગઠનમાં ફૂટ)

ખોટી મમતે
તૂટશે તૃણમૂલ
જક્કી સ્વભાવે..
(મમતા હઠ)

## ચિંતન

**યથા ધેનુ સહસ્રેષુ વત્સઃ વિન્દતિ માતરમ્ ।**
**તથા પૂર્વ કૃતમ્ કર્મ કર્તારમ્ અનુગચ્છતિ ॥**

'જેવી રીતે હજારો ગાયોનાં ટોળામાંથી વાછરડું પોતાની માતાને શોધી કાઢે છે તેવી જ રીતે પૂર્વજન્મમાં કરેલાં કર્મો એના કરનારને બીજા જન્મોમાં જયાં હોય ત્યાંથી શોધી કાઢી તેની પાસે જ પહોંચી જાય છે. તેની પાસે વિધિ કે વિધાનનું કંઇ ચાલતું નથી.'

સારા અને ડાહ્યા માણસોએ આગળ-પાછળનો વિચાર કરીને કામ કરવા જોઇએ, એટલે કે સારાં કે નરસાં પરિણામ બાબત વિચારવું જોઇએ. સામાન્ય નિયમ એવો છે વાવો તેવું લણો, બાવળ વાવ્યાં હોય પછી ગુલાબ કયાંથી ઉગે? ઊંચી અને મોટી અપેક્ષાઓ રાખનારા હંમેશાં દુ:ખી થાય છે. બધાની બધી ઇચ્છાઓ ફળતી નથી.

કર્મનો સિધ્ધાંત અટલ છે તેથી માણસને જે સુખ કે દુ:ખ મળે છે તે તેના પૂર્વજન્મોના પૂર્વાચરણથી જ પ્રાપ્ત થાય છે, પૂર્વજન્મના કર્મોને કારણે જ આપણને એવું ઘર, એવો પરિવાર, એવો સમાજ અને એવું વાતાવરણ મળે છે જેને કારણે આપણને પૂર્વજન્મનાં કરેલાં, સારા-માઠાં પરિણામો - ફળ ભોગવવાના થાય.

પૂર્વજન્મના કર્મો પ્રમાણે જ બુધ્ધિ - સ્વભાવ અને આચરણ થાય અને એવા જ નિર્ણયો લેવાય એ બધું પૂર્વજન્મના કર્મો પર આધારિત છે.

કર્મ કોઇને છોડતું નથી. આપણો પીછો કરીને શોધતું આવે છે. આજે જુના નેતાઓના કૌભાંડો તેમને શોધી શોધી નથી નિકળતાં? એન્કાઉન્ટરો બહાર નથી આવતાં?

## સુવિચાર

- શબ્દો હંમેશાં પર્યાપ્ત હોતા નથી, કયારેક ઉચ્ચાર કરતાં મૌનની ભાષા વધુ સમર્થ બને છે- **સત્યેન્દ્ર બોઝ**
- અધિકારો એ જ ભોગવી શકે જે ફરજો બજાવી જાણે, કર્તવ્ય વિનાનો અધિકાર મડદાં પરનું આભૂષણ છે **- શ્રી અરવિંદ**
- અસત્યને પંપાળીને નહીં પણ તેના પર પ્રહાર કરીને જ સત્યને જીવંત રાખી શકાય - **ચંદ્રકાંત બક્ષી**
- જે ક્ષણે વ્યક્તિ ઓળખાઇ જાય છે એ ક્ષણથી જ એનો પડછાયો પણ અજાણ્યો રહેતો નથી- **સંત ફ્રાંસીસ**
- માત્ર ઊંચા અવાજના ભાષણોથી સુધારા થતા નથી, એ માટે પહેલાં પોતાની જાતને સુધારવી પડે છે **- મોરારજી દેસાઇ**
- બધી બાબતોને માત્ર લાગણીના ચશ્માથી જ ન જોવાય, કયારેક ગણતરી અને સરવાળા-બાદબાકી પણ કરવા પડે **- સત્યકામ**
- ગમે તેટલી મહાન વ્યક્તિ પણ મહાકાળ પાસે ક્ષુદ્ર છે એ સત્યનો સ્વીકાર કરવામાં જ ડહાપણ છે **- સ્વામી આનંદ**

## બોધકથા

બંગાળમાં ભક્તિ અને પ્રમાણિકતા હજુ સચવાઇ રહ્યાં છે ત્યાં સામ્યવાદી પક્ષની એક જ સરકાર વરસો સુધી ચાલી પણ ત્યાં કોઇ મોટા કૌભાંડ બહાર નથી આવ્યાં તેમની સચ્ચાઇ પાછળ પડેલી 'હિંસકતા' ને કારણે તેમનામાં જોમ-જુસ્સો કદાચ બીજી કોમ કરતાં વધારે છે બાકી રામકૃષ્ણ અને ચૈતન્ય મહાપ્રભુના માઇ ભક્તો સંતાનમાં આધ્યાત્મિક સંસ્કાર હજુ છે.

બંગાળમાં નીલમાધવ બંદોપાધ્યાય નામના એક સામાન્ય કર્મચારી હતા પણ સત્યપ્રેમી અને પ્રામાણિક હતા.

શ્રી બંદોપાધ્યાયે 'જીવન વીમો' ઉતરાવ્યો. ફોર્મ ભરાયું, મેડિકલ તપાસ થઇ પણ - 'ટાર્ગેટ'ની ઝૂંબેશમાં 'માન્ય' ડોકટરે પણ તૈયાર ભરેલાં ફોર્મમાં 'ફીટનેસ' ના સહી સિક્કા કરી આપ્યા.

છ મહિના પછી શ્રી નીલમાધવ પર નાની સર્જરી કરવી પડે એવું ગૂમડું પાક્યું; ત્યારે ખબર પડી કે એમને તો વધારે પડતો મધુપ્રમેહ (ડાયાબિટીઝ) છે. ઓપરેશન તો થઇ ગયું અને બધું ઠીકઠાક થઇ ગયું પણ પછી પોતાના રિપોર્ટ સાથે વિમો ઉતારનાર કંપનીને પત્ર લખી સત્ય વિગત જણાવી અને અંતે લખ્યું આવા સંજોગોમાં જો મારું મૃત્યુ મુદત પહેલાં થાય તો વીમાની રકમ ચૂકવવાની જરૂર નથી.

# સાહિત્ય વગરનો સમાજ પાંદડા વગરના વૃક્ષ જેવો છે

**ચિંતન સભા**
**- પોપટલાલ પ્રજાપતિ**

સાહિત્ય અને સમાજ બંને એકબીજાના અભિન્ન અંગ છે. સાહિત્ય વગરનો સમાજ કે સમાજ વગરનું સાહિત્ય શક્ય નથી. સાહિત્ય એટલે સંવેદના, લાગણી, પ્રેમ અને મમતા, કોઈ સાહિત્યકાર કદી કાતિલ ન હોઈ શકે. હા, એના શબ્દવેધી બાણ કોઈના હૃદયના ભુક્કા બોલી દે, એની વાણીના પ્રવાહમાં ભલભલા ડૂબી જાય, એની વાણીના ઓજસ સમરાંગણમાં જોમ પ્રગટાવી શકે. જેમ કે દુર્બળ મનોબળવાળી વ્યક્તિ પણ બે કે ત્રણ વખત સાધ્વી ઋતંભરાની આગ ઝરતી વાણી સાંભળે તો કમજોર માનવી પણ હાથમાં હથિયાર લઈને મેદાનમાં કુદી પડે. મોરારીબાપુની કથા સાંભળતા હોય અને કન્યા વિદાયનો પ્રસંગ આવે તો આખો સભામંડપ આંસુ વહાવતો હોય, શાહબુદ્દીન રાઠોડના મુખમાંથી નીકળતો વાણી પ્રવાહ તમને હસવા માટે મજબૂર કરી શકે. બસ આ છે સાહિત્યનો - વાણીનો પ્રભાવ. મડદાને બેઠા કરવાની ક્ષમતા એક ઉત્તમ સાહિત્યકારમાં હોય છે. સમાજને એક માનવ શરીર કલ્પીએ તો સાહિત્યકાર તેની આંખ છે. સૃષ્ટીનું અવલોકન કરી બનતી ઘટનાઓનું મુલ્યાંકન કરી તેને શબ્દ દેહ આપવાનું કામ સાહિત્યકારનું છે. આ મૂલ્યાંકન એટલું સચોટ અને તલસ્પર્શી હોય છે કે તે હૃદય સોંસરવું ઉતરી જાય છે. એકવાર કુદરતી હોનારતમાં અસંખ્ય માનવીઓના મૃત્યુ થયા. ઠેરઠેર લાશોના ઢગલાં, ઘેર ઘેર વેદના અને આક્રંદ, આ બનાવને ફક્ત બે જ લીટીમાં વર્ણવતા દુલા કાગે લખેલું, "કોણ કોને દે કાંધ કાગડા, કોણ કોની જાય વ્હારે" પરિસ્થિતિની ભયંકરતાનો કેવો સચોટ ખ્યાલ. બસ સાહિત્યકારનું કામ આ જ છે. તે જે જુએ છે તે લખે છે અને મુક્ત ગગનના પંખીની જેમ વિહરતો હોય છે, તેને કોઈનું બંધન નડે નહિ. ન સત્તાનું, ન સંપત્તિનું કે સગપણનું. સમાજમાં બનતી સામાજિક કે રાજકીય ઘટનાઓ કે જેના કારણે સમાજ કે દેશની પ્રગતિમાં રૂકાવટ આવતી હોય, સમાજના દુર્ગુણો, કુરિવાજો કે જે સમાજના વિકાસમાં અંતરાય રૂપ બનતા હોય તેની સામે લાલબત્તી ધરવાનું કામ સાહિત્યકારનું છે. લોકભોગ્ય વાણી, તડપદા શબ્દો અને હૃદયને આરપાર વીંધી શકે એવા શબ્દવેધી બાણ દ્વારા એક કવિ કે લેખક જ લોકો સુધી પહોંચી શકે. કુદરતી હોનારતનું વર્ણન અખબારોના પાને છપાય અને બીજા જ દિવસે દાનનો પ્રવાહ શરૂ થઈ જાય. પણ સાહિત્યકારોએ પોતાના સ્વાભિમાનને, પોતાના ગૌરવને, પોતાની અસ્મિતાને જાળવી રાખવાની આવડત કેળવવી પડે. સાહિત્યકાર કદી કોઈને ખુશ કરવા કે કોઈને બ્લેક મેઇલ કરવા ન લખે. જયારે સાહિત્યની સોદાબાજી કે સાહિત્યનું લિલામ થાય ત્યારે મા સરસ્વતી રૂઠે અને એનું ગૌરવ હણાય. કવિ ઈશરદાન બહુ મોટા કવિ થઈ ગયા પણ ખૂબ દરિદ્ર અને ચિંથરેહાલ. થયું લાવ રાજા પાસે જાઉં, તેની પ્રશસ્તિ કરુ અને રાજાને પ્રસન્ન કરી મારું દરિદ્ર મિટાઉં. ઈશરદાને રાજ દરબારમાં જઈ ખૂબ જ સુંદર કવિતા ગાઈ આખી સભા ડોલી ઉઠી. રાજા પણ અત્યંત પ્રભાવિત થયો તેને થયું આવો ઉત્તમ સાહિત્યકાર મારા રાજ્યમાં હોય તો તેની મારે કદર કરવી જોઈએ. કદર રૂપે મારૂ અડધું રાજ આપી દઉં પણ. રાજાની એક શરત કે તેનો વજીર ચંદ્રકાન્ત ભટ્ટ હા કહે તો જ ઈનામ આપવું. રાજાએ ચંદ્રકાન્ત ભણી દૃષ્ટી કરી, ચંદ્રકાન્ત ભટ્ટે નકારમાં માથું ડોલાવ્યું. રાજાએ ઈશરદાનને ઈનામ આપવાનું મુલતવી રાખ્યું. આ જો ઈશરદાન ક્રોધમાં ધુંવાપુવા થઈ ગયો તેણે નક્કી કર્યું, મારા દારિદ્રની આડે આવનાર ચંદ્રકાન્તને હું જીવતો નહિ છોડું, હાથમાં તલવાર લઈ ઈશરદાન ચંદ્રકાન્ત ભટ્ટના ઘરની બહાર છુપાયો. ચંદ્રકાન્ત રાત્રે ઘરે આવ્યો ત્યારે તેમના પત્નિએ બારણાં આગળ જ ઉભા રહી ભટ્ટજીને કહ્યું, ભટ્ટજી ઈશરદાને તમારૂં શું બગાડ્યું હતું કે તમે રાજાને ઈનામ આપતા રોક્યા? ચંદ્રકાન્ત ભટ્ટે કહ્યું, અરે ગોરાણી દુનિયા આખી મને સમજી ન શકે તે તો સમજયા પણ તમે મારૂં પડખું સેવ્યુ છે છતાં તમે મને ન ઓળખી શક્યા? મેં રાજાને 'ના' કહી જ નથી. મે તો ઈશરદાન ભણી નજર કરી તેમને 'ના કહેલી' કે 'ઈશરદાન! તમે તો મા સરસ્વતીના ઉપાસક છો. સરસ્વતીની દિવ્ય વાણી દ્વારા લૌકિક પુરૂષની ખોટી પ્રશસ્તી કરી સરસ્વતી મા ને લજવશો નહિ.' ઈશરદાન ઘર પાછળથી આ સંવાદ સાંભળી ને દોડ્યો અને તલવાર ફેંકી દઈ ચંદ્રકાન્ત ભટ્ટના ચરણોમાં પડી ગયો, મને માફ કરો. આજે મારા હાથે અનર્થ થઈ જાત. પછી ઈશરદાને બધી વાત કરી. ચંદ્રકાન્ત ભટ્ટે તેને હૈયા સરસો ચાંપી કહ્યું, દીકરા! આજથી તું મારો માનસપુત્ર છે. તારે રહેવા જમવાની કોઇ ચિંતા કરવાની નથી.

તું મારે ઘરે જ રહે પછી તેમણે શ્રીમદ્ ભાગવત કથાનો ગ્રંથ આપી કહ્યું, ઈશરદાન લે, આનો અભ્યાસ કર અને તેમાંથી જેટલો હરિરસ લેવાય તેટલો લઈ લે. બસ પછી ઈશરદાન પલાંઠીવાળી બેસી ગયા. છ મહિના લગાતાર ગ્રંથનો અભ્યાસ કરી તેના પરથી મહાન ગ્રંથ તૈયાર કર્યો. એક દિવસ ઈશરદાન આ ગ્રંથનું અંતિમ ચરણ લખી રહ્યા હતા અને ગુરૂ પત્નિએ રસોઈની થાળી પીરસી. ઈશરદાને રસોઈનો એક કોળિયો મોંમા મુક્યો અને કહ્યું, 'મા તું આજે દાળમાં સબરસ નાખવાનું ભુલી ગઈ છે.' ગુરૂ પત્નિએ માર્મિક ટકોર કરતાં કહ્યું, ઇશરદાન, મને લાગે છે, આજે તારો હરિરસ પુરો થયો એટલે તને સબરસ યાદ આવ્યો બાકી છ મહિનાથી હું દાળમાં સબરસ જ ક્યાં નાખું છું? આખા પ્રસંગનો સાર એટલો જ કે સાહિત્યનું કદી લિલામ ન થાય. મા સરસ્વતીના કદી સોદા ન થાય. મા સરસ્વતીની સાધના જેટલી ઉંચી તેના ઉત્તમ પરિણામ આવી શકે.

**સાહિત્ય વગરનો સમાજ પાંદડા વગરનો વૃક્ષ જેવો છે, પાંદડા વગરના વૃક્ષમાં વસંત પ્રગટાવવાનું કામ સાહિત્યકાર કરી શકે**

**મા સરસ્વતીના ચરણે મસ્તક ઝુકાવનાર દુનિયામાં ક્યાંય મસ્તક ઝુકાવતો નથી**

પણ સાહિત્યના સર્જનમાં ગૌરવ હોવું જોઈએ. મા સરસ્વતી વિદ્યાની વિમલ વિધાતા છે તે જ્ઞાન, સંસ્કાર અને ગૌરવ પ્રદાન કરે છે. તે ખમીર અને ખુમારી જીવંત રાખે છે. મા સરસ્વતીના ચરણે મસ્તક ઝુકાવનાર દુનિયામાં ક્યાંય મસ્તક ઝુકાવતો નથી. સાહિત્યકાર સમાજ માટે જીવે છે. સાહિત્યકાર સમાજમાં નવી કેડી કંડારે છે જે સમય જતાં રાજમાર્ગ બને છે. સંસ્કૃતિને જીવંત રાખવાનું કામ સાહિત્યકારનું છે. હડપ્પા, મોહ-જો-દરો કે નાઈલની સંસ્કૃતિ નામ શેષ થઈ પણ સાહિત્યકારોએ તેને જીવંત રાખી. જગતમાંથી બ્રિટનનું સામ્રાજય અસ્ત પામ્યું પણ શેક્સપિયરનું સામ્રાજય હજુ અકબંધ છે. વિશ્વ વિજેતા સિકંદર ગયા, શહેનશાહ અકબર ગયા, શાહજહાં અને સલીમ ગયા પણ કોણ કહી શકશે કે મીરા અને નરસિંહ ગયા. કોણ કહેશે કે અખો અને દલપતરામ ગયા... સાહિત્ય અને સાહિત્યકારને કોણ મીટાવી શક્યું છે? પણ હા સાહિત્યકારને પણ તેની આગવી પ્રતિભા, આગવું ગૌરવ હોવું જોઈએ. સાહિત્યકારો સંસ્કૃતિના રખેવાળો છે. તેમના થકી સંસ્કૃતિનું જતન થાય છે. સાહિત્યનો આદર એ સંસ્કૃતિનો આદર છે. સાહિત્ય વગરનો સમાજ પાંદડા વગરનો વૃક્ષ જેવો છે. પાંદડા વગરના વૃક્ષમાં વસંત પ્રગટાવવાનું કામ સાહિત્યકાર કરી શકે. પણ હા એના માટે ઈશરદાન બનવું પડે.

**"અંધા હૈ વહ દેશ જહાં આદિત્ય નહિ,**
**મુર્દા હૈ વો દેશ જહાં સાહિત્ય નહિ."**

# અમદાવાદથી (વાયા યુરોપ) યુ.કે., ફ્રાન્સ, સ્વિત્ઝરલેન્ડ, ઇટલી, રોમ-વેટિકન સીટી અને એમાં રહેલા નયનરમ્ય સ્થળોનો નજારો સૌને માટે જેટલો હૃદયગંમ રહ્યો તેટલો જ યાદગાર પણ

**પ્રવાસ આસ્વાદ સેતુ**

**ગાંધીનગરના સાહિત્યકારોનો યુરોપ પ્રવાસ**

**- નટુભાઇ પરમાર**

જાણીતા દલિત સાહિત્યકાર કવિશ્રી પ્રવિણ ગઢવી અને શ્રી રતિદાન જી. ગઢવીની આગેવાનીમાં ગાંધીનગરના મિત્રો સર્વશ્રી આર.કે.ચૌધરી, માધુભાઈ ચૌધરી, ભગવતદાન ગઢવી, મનુભાઈ કે. ગઢવી, નિરંજન ગઢવી, મનહરદાન ગઢવી, પ્રભુદાન બી. ગઢવી નારાયણભાઈ પટેલ, નટુભાઈ કે. ગઢવી, આર. કે. પટેલ તથા શ્રી કે.બી. રાઠોડ - પુષ્પાબેન (રાજકોટ) સાથે હું યુરોપ પ્રવાસે જોડાયો હતો, અલબત સજોડે!

અમદાવાદથી (વાયા યુરોપ) યુ.કે., ફ્રાન્સ, સ્વિત્ઝરલેન્ડ, ઈટલી, રૉમ-વેટિકન સીટી અને એમાં રહેલા નયનરમ્ય સ્થળોનો નજારો સૌને માટે જેટલો હૃદયગંમ રહ્યો તેટલો જ યાદગાર પણ.

યુ.કે. ના ભવ્ય શહેર લંડનની ગાઈડેડ સીટી ટુર, બંકિમહૉલ પેલેસ, રોયલ આલ્બર્ટ હૉલ, થેમ્સ નદી, ટાવર બ્રિજ, બાઉસ ઑફ પાર્લામેન્ટ, મૅડમ તુસોનું મ્યુઝિયમ, લંડનની ભવ્ય ઈમારતો અને સ્મારકોએ ચિત્ત જો ચોરીલીધું, તો ફ્રાન્સના પેરિસ શહેરની ફેશને, એફિલ ટાવર, ક્રૂઝમાં પેરિસની સીન નદીના સફરે, દુનિયાની સૌથી ઝડપી યુરોસ્ટાર ટ્રેને - ઈંગ્લીશ ચેનલથી ભૂગર્ભમાં દોડતી ટ્રેને, વૉલ્ટ ડિઝનીની યાદ અપાવતા ડિઝની પાર્ક, ડિઝની સ્ટુડિયોએ તો ઘડીક જાણે શ્વાસને પણ થંભાવી દીધા. ફ્રાન્સના પેરિસમાં હોવ ને 'લીડો શૉ' ન જુઓ તો ઘણા કહે છે કે, આખોય પ્રવાસ અધુરો ગણાય. એ જોયા પછી અમને પણ એમ લાગ્યું ખરું!

લંડન-પેરિસમાં બે - બે દિવસ વિતાવ્યા બાદ અમે વાટ પકડી સ્વિત્ઝરલેન્ડની. ઘડિયાળોની બનાવટ અને એની ઠંડી માટે વિશ્વભરમાં ખ્યાલ સ્વીસમાં યુરોપના સૌથી ઊંચા બરફાચ્છિત શિખરો અને બરફમાં ચાલતી આજથી ૧૦૦ વર્ષો પહેલાં સ્થપાયેલી જંગફ્રો ટચુકડી ટ્રેને આ પ્રવાસમાં જોડાયેલા સૌને જીવનનો અવિસ્મરણીય અનુભવ કરાવ્યો, માઈનસ પાંચ ડિગ્રીના તાપમાનમાં એના હિમશિખરો પરના આઈસ પેલેસ અને એમાંની માછલીઓ, પૅગ્વિન, સ્નૉ બિઅર તથા અનેક પશુ-પક્ષીઓની બરફની કલાત્મક કૃતિઓએ તો સાચ્ચે જ આશ્ચર્યચકિત કર્યા. છોગામાં માઉન્ટ ટીટલીસની ટોચે તો ડી.ડી.એલ.જે. વાળા શાહરૂખ અને કાજોલને મળી, તેમની તસવીર ખેંચાવાનો લાભ પણ સૌને મળ્યો! માઉન્ટ ટીટલીસની ચોટે આ બેઉં કલાકારોના કટઆઉટ છે અને ત્યાં ટોચે 'બૉલીવુડ' નામક હોટલ પણ છે. ત્યાં જ અમારું લંચ હતું. 'દિલવાલે દુલ્હનીયા લે જાયેંગે'નું શુટિંગ સ્વિત્ઝરલેન્ડમાં થયેલું તેથી અહીં બૉલાવુડની ભારે નામના છે. ઢળતી સાંજે સ્વિત્ઝરલેન્ડના સ્વચ્છ લ્યુસર્ન સરોવરમાં ક્રૂઝનો અનુભવ પણ આહ્‌લાદક રહ્યો.

આઠમા દિવસે, દુનિયાની આઠ અજાયબીઓમાં હવે નહિ રહેલા ઈટલીના પીઝા અને સુંદર શહેર ફલૉરેન્સની મુલાકાત પણ દિલધડક રહી. વિશ્વવિખ્યાત વિજ્ઞાની ગેલેલિયોએ એના ગુરૂત્વાકર્ષણનો પ્રયોગ આ પીઝાના મીનારે ચઢીને કરેલો. ૧૧૭૩માં બનવા શરૂ થયેલા અને અડધો બન્યા પછી પાયામાંથી એક બાજુએથી નમી જતાં, ખાસ્સા ૯૦ વરસો પછી આ મીનારાના બાકીના માળો બન્યા અને આજે વિશ્વને એક ઢળતી અને તોય અડીખમ ઉભેલી ઈમારતની ભેટ મળી.

નવમો અને દશમો દિવસ અમારા સૌના માટે વધુ અભિભૂત થવાનો હતો કારણ કે અમે રૉમ અને વિશ્વના સૌથી ટચુકતા દેશ વૅટિકન સીટીની મુલાકાતે હતા. દર ક્રિસમસે પવિત્ર પૉપ જયાંથી સંબોધન કરે છે અને જયાં તેઓ રહે છે તે વૅટિકન સીટી - ચર્ચનું આખું આરસપાણથી બનેલું છે. કહે છે કે - આરસ પરનું શિલ્પકામ સૌથી વધુ કઠિન હોય છે. સંખ્યાબંધ શિલ્પો અને કલાકૃતિઓ - ચિત્રો કોઈ પણ કલાપ્રેમીને મંત્રમુગ્ધ કરવાને સક્ષમ છે. રૉમમાં સર્વત્ર વિશ્વવિખ્યાત શિલ્પકાર - ચિત્રકાર માઈકલ એન્જેલો અને તેની પેઢીના ખ્યાતનામ કલાકારોના શિલ્પો ચોરે અને ચૌટે વિરાટ કદમાં ફેલાયેલા જોઈ અમે સૌ અભિભૂત થયા. એમાંય રૉમન શાસનમાં ગુલામો અને હિંસક પ્રાણીઓ વચ્ચેના ખતરનાક જંગને તથા કુખ્યાત ગ્લેડિએટર્સના ખૂની આનંદને માણવા માટે ઈ. સ. ૭૨માં સમ્રાટ નીરોનાં સમયમાં બનવા શરૂ થયેલા અને ઈ. સ. ૮૦માં ખુલ્લા મુકાયેલા આજના જર્જરિત કૉલેજિયમને જોતાં રૂંવાડા ખડા થઈ જાય છે. 'ગ્લેડિએટર્સ' જેવી હૉલીવુડની અનેક ફિલ્મોનું શુટિંગ રૉમમાં થયું છે.

પ્રવાસનો છેલ્લો દિવસ કે જયારે અમે જળનગરી વૅનિસની મુલાકાતે હતા, તે સાચે જ આનંદની પરાકાષ્ઠા સમો બની રહ્યો. વૅનિસના સેન્ટ સ્કવૅર એવા એના હૃદય સમા વિસ્તારની ભવ્યતાએ એક સમયની એની જાહોજલાલીના અમને દર્શન કરાવ્યા. શેક્સપિયરની બે વિખ્યાત કૃતિઓ 'મર્ચન્ટ ઑફ વૅનિસ' અને 'ઑથેલો - ધ મૂર ઑફ વૅનિસ' માં આ શહેરની ભવ્યતાના ઘણા ગુણગાન જોવા - સાંભળવા મળે છે. એમાં પણ વૅનિસના ઊંચા ઊંચા ભવ્ય મકાનોની સાંકડી ગલીઓ - નાળાઓમાંથી પાણીની વચ્ચેથી પસાર થતી નાની નાવડીઓનો (જેને ગંડોલા રાઈટ્સ કહે છે) અનુભવ પણ વરસતા વરસાદ વચ્ચે રોમાંચક રહ્યો. 'દો લબ્જો કી હૈ, દિલ કી કહાની' એ અમિતાભ-ઝિન્નત પર ફિલ્માયેલા ગીતનું શુટીંગ પણ આ વૅનિસ શહેરમાં જ થયું હતું. દરિયાના પાણીની વધતી જોખમી સપાટીને કારણે 'વૅનિસ' હવે માત્ર ૨૦૦-૩૦૦ વર્ષ રહેશે એમ કહેવાય છે.

આ પછી વૅનિસથી મિલાન થઈ (વાયા દુબઈ) અમે અમદાવાદ પરત આવ્યા ને પ્રવાસ તો પુરો થયો પણ આ પ્રવાસમાં કેટલીય એવી ગમતી વાતો અનુભવી કે એનો થોડોક ગુલાલ તો ઉડાડવો જ રહ્યો.

સ્વિત્ઝરલેન્ડમાં સમુદ્રતટથી ૩૪૫૪ મીટરની ઉંચાઈએ આવેલ જંગફ્રો જતી ટ્રેઈન બરફના પહાડોમાંથી માઈનસ પાંચ ડિગ્રીની વચ્ચે પસાર થાય છે. આજે પણ દુષ્કર લાગતી આ આ રેલ્વેનું આ શતાબ્દી વર્ષ ચાલે છે. ૧૮૯૮ માં પર્વતોમાં બ્લાસ્ટીંગ અને વિવિધ કામો બાદ, ૧૪ વર્ષ સુધીનાં સતત બાંધકામ પછી ૧લી ઑગસ્ટ ૧૯૧૨ ના રોજ જંગફ્રો ટ્રેન શરૂ કરાઈ હતી. આ શતાબ્દી વર્ષમાં ત્યાં પ્રવાસીઓનું વિશેષ સ્વાગત કરાય છે.

ઈટલીના પીઝાના મિનારને જોવા જતાં ચાર્લી ચેપ્લિનના વેશમાં સ્ટેચ્યુ બની ઊભેલા બે કલાકારોએ યાદ કરાવ્યું કે આ મહાન કલાકાર તો ઈટલીમાં જન્મ્યા હતા.

યુરોપના દેશોમાં એકથી બીજા દેશમાં જતા નથી ખાસ અંતર કે નથી કોઈ અડચણો - મુશ્કેલીઓ. કોઈ બીજા દેશની સરહદ ઓળંગતા હોય તેમ લાગે નહીં. ઘૂસણખોરીની કોઈ સમસ્યા હોય તેમ પણ જણાયું નહીં.

એફિલ ટાવરની ટોચે મુકેલા દુરબીનોથી આખાય પેરિસ શહેરનો નજારો જોવા મળે છે. તો વૅનિસના સેન્ટ માર્કસ સ્કવૅરમાં ઊંચે આવેલા ટાવરના ડંકા આજેય ટાવરના પહેરેદારો જાતે રણકાવે છે.

ફ્રાન્સના ડિઝનીલેન્ડમાં ધરતીકંપ, આગ, તોડફોડ અને ભારે નુકસાનના રિયલ લાઈફ શોટ્સ પ્રવાસીઓના દિલને જો ધડકાવે છે, તો માઉન્ટ ટીટલીસની બરફ આચ્છાદિત ટોચે લઈ જતાં રિવૉલ્વીંગ કૅબલ કાર્સ પણ દુનિયામાં એક અને અજોડ છે.

પેરીસમાં ફરતી ફૅશન પરસ્ત અને અત્યાધુનિક પરિધાનોમાં સજજ યુવતીઓને - મહિલાઓને તોયે ભારતીય સાડીઓનું ભારે આકર્ષણ હતું. ભરત ભરેલી સાડીઓ પહેલેરી ભારતીય મહિલાઓ સાથે તેઓ અચૂક સાડીની વાત કરતી અને ફોટોગ્રાફસ પણ લેતી હતી.

પીઝા મિનાર પાસે શૉપિંગ માટેની અસંખ્ય દુકાનો છે. પીઝાના ઢોળાવને અહીં એટલી હદે પ્રખ્યાત બનાવાયો છે કે, શૉપિંગમાંના કપ-રકાબીમાનો કપ પણ ઢોળાઈ વાળો અને ટચૂકડા ગ્લાસ પણ તળિયેથી ત્રાસાં કટ થયેલાને ઢોળાવવાળા જોવા મળ્યાં! ઉપર પિઝાના મિનારનું દશ્ય તો અચૂક જોવા મળે જ.

બંકિમહામ પૅલેસમાં બદલાતા જતાં સુરક્ષા ગાર્ડ અને એમનો પરંપરાગત પહેરવેશ, ભારતીય ચલણમાં રૂપિયા અઢી કરોડના કોચમાં અગીયાર દિવસમાં એક પણ વાહ હૉર્ન ન વાગ્યું કે ન બીજા ધસમસતા ચાલ્યો જતા વાહનોનું હૉર્ન વાગ્યું, માર્ગો ઉપર દુકાનો-ગલ્લાઓ બિલકુલ નહીં, કોચનો માલિક પોતે જ ડ્રાઈવર અને કોચની સવાર-સાંજ સફાઈ પણ પોતે જ કરે, લીલાછમ ખેતરો પણ ખેતરમાં પરંપરાગત ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા કોઈ ખેડૂત કયાંક દશ્યમાન ન થયા, ખેતરોમાં ઘાસનાં ઢગલા મશીનથી વીલની જેમ વીટો વાળીને મૂકાયા હતા, તે દશ્યોએ અમારા સૌમાં આ દેશો માટેની એક વિશેષ છાપ છોડી.

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
**'શબ્દ સેતુ'**
**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

## કાવ્યસેતુ

**- પ્રવીણ ગઢવી**

### આલ્પ્સ

આલ્પ્સ -
હિમાલયનો અલ્પબંધુ
દૂર યુરોપ મધ્યે આવી વસ્યો
ઘેટાં ચારવા
રજતહિમ મુકુટથી
સૂર્યપ્રકાશમાં સોહી રહ્યો
ઉન્નત મસ્તક જાણે રોમન સમ્રાટ ઓગસ્ટસ!
પૂચ્છવિહિન મૂષક સમ મનુષ્યે
કોરી નાંખ્યાં કાળજાં પૃષ્ઠનાં
માઇલો લાંબા બુગદાં એમ અચાનક પૂલે
સામે એક તરફ સરવરને
કિનારે યુંગ ફ્રાઉ સુંદરીને સાધુ કરતાં ચુંબન.
પવન પાવડીએ ચઢી જતાં ઉપર
મળ્યો બરફનો આચલો તોફાની
માથું નમાવી, ડોળા ચઢાવી, શિંગડાં ભાલાની જેમ
સીધાં ધરી ધસી આવ્યો સામી છાતી.
એફ્રોડાઇટ રતિદેવીનાં બે નયન શાં સરોવર
કાંઠે ઉભો આલ્પ્સ
ચોકોર બર્ફને સૂર્ય બિચારો ઓગળે!

### વેનિસ


સાગર તીરે ખેંચાઇ આવી
સૂતેલી જલપરી વિનસ જેવું એક નગર
નામ એનું વેનિસ!
એની નસ નસમાં નીર
એની ગલીગલીમાં સૌંદર્ય
એને મ્હેલે મ્હેલે મ્યુઝિયમ.
એના ચર્ચના ઘંટ વાગે અને
યુધ્ધ શાંથ થઇ જાય.
ફૂટપાથ રેસ્ટોરાંમાં પોર્શિયા બિયરના ઘૂંટભરે
ડેસમેસોના ગોન્ડાલામાં વિહરે.
હિંદના તેજાનાની સુગંધભર્યાં જહાજ
શાંત સમુદ્રમાં તરે
સાગતરતીરે ખેંચાઇ આવી
સૂતેલી જલપરી વિનસ જેવું એક નગર
નામ એનું વેનિસ!

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૩મી જૂન**

- ભાષાશાસ્ત્રના વિદ્વાન ડો. પ્રબોધ બેચરદાસનો જન્મ ૨૩-૬-૧૯૨૩. જિનવિજયમુનિની પ્રેરણાથી વિદેશ ગયા. લંડનમાં પીએચ.ડી. કર્યું. જીવનનાં અંત સુધી દિલ્હીમાં યુનિ.માં સેવાઓ આપી.



- મહાન ચિંતક એરીસ્ટોટલનો જન્મદિન.
- ૧૯૮૦માં સંજય ગાંધીનું વિમાન અકસ્માતમાં મોત.
- ગુજરાત પ્રથમ રાજયપાલ મહેંદીનું નવાબજંગની પુણ્યતિથિ ૧૯૬૭.
- ૧૯૭૪ - છત્રપતિ શિવાજીએ રાજગાદી સ્થાપી, રાજમુકુટ ધારણ કર્યા
- ૧૬૭૪ - સોલંકી રાજવી સિધ્ધરાજે મનમાળ નજીકના ગૌતમ તળાવ પાસે શિલાલેખ કોતરાયો.
- ૨૦૦૭ - સુનિયા વિલિયમ્સનું ૧.૧૯ કલાકે પૃથ્વી પર અવતરણ ૯મી ડિસે. ૨૦૦૬માં અવકાશ સફરે ગયેલી. છ માસ બાદ ૨૩મી જુને - અવતરણ.